- ગોળકૃમીઓ મોટાભાગે દૂષિત પાણી કે ખોરાક દ્વારા ફેલાય છે. જેથી પશુઓને રહેઠાણની જગ્યાએથી પશુઓના મળ–મૂત્રનો નિકાલ દરરોજ નિયમિત રીતે કરવો અને આ માટે ઉકરડો દૂર રાખવો, કારણ કે આ કૃમીઓના ઈંડા અથવા ઈયળ અવસ્થા છાણ દ્વારા નીકળી બહારના વાતાવરણમાં છાણમાં વિકાસ પામે છે. જેથી ગમાણની સફાઈ ખુબજ જરૂરી છે.
- પશુઓને બાંધવાની જગ્યા સ્વચ્છ અને સૂકી રાખવાતી તેમના સંવર્ધન માટે અનુકૂળ વાતાવરણ ન મળતા તેમનું સંવર્ધન અટકી જશે.
- પશુના રહેઠાણની આજુબાજુનો ઘાસચારો કે વનસ્પતિને બાળી દેવામાં આવે તો એમાં રહેલા પરોપજીવીઓનો નાશ થઈ જશે જેનાથી એમાં વૃદ્ધિ અટકી જશે.
- પશુઓના રહેઠાણની જગ્યાએ ઉંદરો અને જંગલી પશુઓની હેરફેર અટકાવવી જેથી ઈતરડીઓનું જીવનચક્ર આગળ વધતું અટકાવી શકાય છે.
- ઢોરોના રાખવાના સ્થળે માખી, મચ્છર, માંકડ, ચાંચડ, ઈતરડી, કથીરી, ઝીંગોડી, સૂક્ષ્મ જુઓનો ઉપદ્રવ રોકવા માટે અનેક પ્રકારની જંતુનાશક દવાઓ ઉપલબ્ધ છે. જેમાં એમીટ્રાઝ, કાર્બરિલ, સાઈપરમેથ્રીન, ડેલ્ટામેથ્રીન (બ્યુટેક્સ) ફ્લુમેથ્રીન, ઈમીડાક્લોપ્રિડ, પરમેથ્રીન જેવી જંતુનાશક દવાઓ વડે આ ઉપદ્રવને અટકાવી શકાય છે. આ જંતુનાશક દવાઓ ઝેરી હોવાના કારણે મનુષ્ય અને પશુઓના સ્વાસ્થ્યને અનુલક્ષીને ખુબજ ધ્યાન રાખી પશુચિકિત્સક અધિકારીના માર્ગદર્શન હેઠળ વાપરવી જરૂરી છે.



NAVSARI AGRICULTURAL UNIVERSITY

भाकृ अनुप
ICAR

# પશુઓના અગત્યના પરોપજીવીજન્ય રોગો અને અટકાવવા માટેના પગલાં



## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી
આહવા રોડ, વઘઈ, જિ. ડાંગ
ફોન નં. (૦૨૬૩૧) ૨૯૬૬૪૫

Email : kvkwaghai@nau.in
Youtube : kvkwaghai

વર્ષ : ૨૦૨૦ - ૨૦૨૧

પ્રકાશન નં. ૮૬/૨૦૨૦-૨૧

# પશુઓના અગત્યના પરોપજીવીજન્ય રોગો અને અટકાવવા માટેના પગલાં

ડૉ.એસ.એ.પટેલ, શ્રી એચ.એ. પ્રજાપતિ, ડૉ.પી.પી.જાવિયા,
શ્રી જે.બી.ડોબરીયા, શ્રી બી.એમ.વહુનીયા, ડૉ.જી.જી.ચૌહાણ, ડૉ. એસ.ડી.કવાડ
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ, ડાંગ

પશુઓમાં પરોપજીવીઓથી ઘણા બધા રોગો થતા હોય છે. પરોપજીવીઓ વાતાવરણમાં પોતાના ખોરાક અને રહેઠાણ માટે અંશતઃ અથવા સંપૂર્ણપણે પશુઓ અથવા માનવીના શરીર ઉપર કે અંદર આધાર રાખતાં હોય એટલે કે એ ત્યાં વસવાટ કરતા હોય છે. આ પરોપજીવીઓ પશુઓની ઉત્પાદકતા પર અસર કરી આર્થિક રીતે ખુબજ નુકશાન કરે છે. પશુઓના શરીરના અંદરના અવયવોમાં જોવા મળતા પરોપજીવીઓને આંતરિક પરોપજીવીઓ તરીકે, જ્યારે શરીરના બાહ્ય ભાગ પર જોવા મળતા પરોપજીવીઓને બાહ્ય પરોપજીવીઓ તરીકે ઓળખવામાં આવે છે.

**આંતરિક પરોપજીવીઓ:-** કૃમિ, પ્રજીવ વગેરે

**બાહ્ય પરોપજીવીઓ:-** ઈતરડી, મચ્છર, માખી, જૂ, બગાઈ વગેરે

**પરોપજીવીઓની પશુ સ્વાસ્થ્ય પર અસર:**

આંતરિક પરોપજીવીઓની વાત કરીએ તો યકૃતકૃમિ યકૃતની દિવાલને તોડીને રક્તસ્ત્રાવ કરે છે. યકૃત પ્રોટીન, વિટામિન અને ક્ષારોના ચયપાચયમાં અગત્યની ભૂમિકા ભજવે છે. વળી યકૃતની નળીઓમાં આ કૃમિની અપરિપક્વ અવસ્થામાં યકૃતને કઠણ બનાવી ખૂબ નુકશાન કરે છે. જેને પાઈપસ્ટેમ લીવર તરીકે ઓળખવામાં આવે છે. પશુઓના નાક, મોં અને ગુદા દ્વારા લોહી નીકળે છે. ગળાના ભાગમાં પાણી ભરાઈ જાય છે. જેને બોટલ જો કહેવામાં આવે છે. વળી ઝાડા પણ થઈ જાય છે.

દ્વિમુખી કૃમીઓ (એમ્ફિસ્ટોમ્સ) જઠરમાં રહીને જઠરની દિવાલને તોડી નાખી રક્તસ્ત્રાવ કરી સોજો ઉત્પન્ન કરે છે. સાથે સાથે ગંધાતો ઝાડો પણ થાય છે. પાચનની ક્રિયામાં અવરોધ કરે છે.



યકૃતમાં જોવા મળતા હિપેટીક એમ્ફિસ્ટોમ નામના દ્વિમુખી યકૃતની દીવાલમાં રક્તસ્ત્રાવ કરી કમળા જેવી અસર કરી સોજો ઉત્પન્ન કરે છે. લોહીના પાન આકારના કૃમિ લોહીની નળીઓમાં અવરોધ ઉત્પન્ન કરી સુજન પેદા કરે છે. નાકની લોહીની નળીઓમાં જોવા મળતા આ કૃમિ નાકમાં ગાંઠો ઉત્પન્ન કરે છે. જેનાથી શ્વાસ અવરોધાતા નસકોરા બોલાવવા જેવો અવાજ આવે છે. જેને અંગ્રેજીમાં સ્નોરીંગ ડીસીઝ તરીકે ઓળખવામાં આવે છે.

અનેક પ્રકારના પટ્ટીકૃમીઓનો ઉપદ્રવ પશુઓમાં જોવા મળે છે. જેમાં મોનીઝીઆ, એવાઈટેલીના, સ્ટીલેશીઆ, થાયસેનોઝોમા, થાઈસેનીઝીઆ અને કેટલાક પ્રકારના ટીનીયા જાતિની અપરિપક્વ અવસ્થાઓ મુખ્યતઃ છે. જે પશુઓના જઠર, આતંરડા, યકૃત અને અન્ય અવયવોમાં સોજો ઉત્પન્ન કરે છે. પ્રોટીન, ઉત્સેચકો અને ક્ષારોની ચયાપચયની ક્રિયામાં અવરોધ થાય છે. પશુ પૂરતું પોષણ ન મળતા નબળું પડી જઈ સુકાઈ જાય છે અને તેની ઉત્પાદન ક્ષમતામાં ઘટાડો થાય છે.

એસ્કેરીસ જાતિના મોટા ગોળકૃમીઓ આંતરડાની દિવાલને નુકશાન કરી સોજો ઉત્પન્ન કરે છે. જો આ કૃમીઓ બહોળી સંખ્યામાં હોય તો આંતરડાની અંદર અવરોધ ઉત્પન્ન કરે છે. જેથી પશુઓ જે કઈ ખાય તે બહાર ઉલટીમાં નિકળી જાય છે. તદઉપરાંત ખૂબજ ગંધાતો કાળાશ પડતો ઝાડો થાય છે. આ કૃમિની અપરિપક્વ અવસ્થા યકૃત અને ફેફસામાં પણ નુકશાન કરે છે. ફેફસામાં પાણી ભરાઈ જાય છે. ન્યુમોનિયા થાય છે.

ટ્રાઈકોસ્ટ્રોન્ગાયલસ જાતિના નાના ગોળકૃમીઓ જઠર અને આંતરડામાં રક્તસ્ત્રાવ કરી સોજો કરે છે. પ્રોટીન અને ક્ષારની પશુના શરીરમાં ઊણપ પેદા કરે છે. દૂધ ઉત્પાદન ઓછું થઈ જાય છે. વજન ઘટી જાય છે. ઘેટાઓમાં ઊનની ગુણવત્તા બગડી જાય છે. પશુને એનેમિયા (પાંડુરોગ) થાય છે.

ટ્રાયચુરીસ નામના ચાબુકૃમિ આંતરડાની દિવાલમાં રક્તસ્ત્રાવ કરે છે અને સાથે સાથે લોહીવાળા ઝાડા પણ થાય છે. જ્યારે બુનોસ્ટોમમ નામના હુકવર્મ આંતરડાની દીવાલને ચોંટી લોહી ચૂસે છે. જેથી એનેમિયા તથા કમળા જેવી અસર થાય છે.

ટ્રીપેનોઝોમાં નામના લોહીના પ્રજીવ તીવ્ર પ્રકારનો વિકાર ઉત્પન્ન કરી પશુઓમાં ચકરીનો રોગ કરે છે. જો તાત્કાલિક સારવાર ન કરવામાં આવે તો મરણ પણ થઈ શકે છે. થાઈલેરીઆ, બેબેસીઆ, એનાપ્લાઝમાં પણ લોહીનો વિકાર કરી રોગની તીવ્ર અવસ્થામાં પશુઓના મરણ પ્રમાણમાં વધારો કરે છે.

બાહ્યપરોપજીવીઓ ઈતરડી, મચ્છર, માખી, જૂ, બગાઈ, કથીરી, ઝિંગોડી દ્વારા થાઈલેરિયા, બેબેસીઆ, એનાપ્લાઝમાં જેવા લોહીના પ્રજીવોનો ફેલાવો કરે છે. તદ્ઉપરાંત પશુઓના શરીર પર ચોંટીને લોહી ચૂસે છે. જેથી પશુઓ બેચેન રહે છે. સારી રીતે ખાઈ શકતા નથી અને વજન ઘટે છે. કમળા જેવી અસર થાય છે. એનેમિયા (પાંડુરોગ) થાય છે. જ્યારે સારકોપ્ટસ, સોરોપ્ટસ, ડેમોડેક્સ, કોરીઓપ્ટિક જેવી સૂક્ષ્મ જૂઆઓ પશુઓમાં ખસ–ખુજલીનો રોગ કરે છે. જેથી ચામડીને ઘણું નુકશાન થાય છે.

**ઉપચાર:**

કૃમીઓ માટે ખાસ કરીને યકૃતકૃમિ અને દ્વિમુખી માટે ઓકસીકલોઝેનાઈડ, રેફોકસેનાઈડ, ટ્રાઈકલેબેન્ડાઝોલ, આલબેન્ડાઝોલ, ઓક્સફેન્ડાઝોલ અને ફેનબેન્ડાઝોલ વગેરે પ્રકારની દવાઓ વાપરી શકાય છે. એસ્કેરીસ નામના ગોળકૃમીઓ માટે પાઈપરેઝિન નામના કમ્પાઉન્ડ ઘણા ઉપયોગી છે. મોટા ભાગના ગોળકૃમીઓ માટે બેન્ઝિમીડાઝોલ ગ્રુપની દવાઓ જેવી કે થાયબેન્ડાઝોલ, પારબેન્ડાઝોલ, મેબેન્ડાઝોલ, ફેનબેન્ડાઝોલ, ઓક્સફેન્ડાઝોલ, આલબેનડાજોલ વગેરે અને પ્રોબેન્ઝિમીડાઝોલ ગ્રુપની ફેબેન્ટેલ અને થાયોફેનેટ તથા મોરેન્ટેલ ટારટ્રેટ, વેલામિઝોલ,



ટેટ્રામિઝોલ જેવી દવાઓ આપી શકાય. આઈવરમેકટીન તથા ડોરામેકટીન નામની દવા આંતરિક કૃમીઓ તથા બાહ્યપરોપજીવી બંને માટે ઉપયોગી છે. પટ્ટીકૃમિના ઉપદ્રવને નાથવા માટે બેન્ઝિમીડાઝોલ ગ્રુપની દવાઓ નીકલોસેમાઈડ, પ્રોઝિકોન્ટેલ જેવી દવાઓ ઉપયોગી થઈ શકે છે. કૃમિનાશક દવાઓ સમયાંતરે બદલાતું રહેવું જરૂરી છે. નાના બચ્ચાંને પ્રથમ દસ દિવસની ઉંમરે, ત્રણ માસની ઉંમરે, છ માસની ઉંમરે તથા બાર માસની ઉંમરે કૃમિનાશક દવા આપવી જોઈએ. પશુઓને વર્ષમાં ઓછામાં ઓછી બે વાર ચોમાસા પહેલા અને પછી કૃમિનાશક દવા આપવી હિતાવહ છે.

લોહીના પ્રજીવોમાં ટ્રીપેનોઝોમા માટે ડીમીનાઝીન એસીટુરેટ, કવીનાપાઈરેમાઈન અને જ્યારે થાઈલેરિયા જેવા લોહીના પ્રજીવ માટે ઑક્સીટેટ્રાસાઈક્લિનસ, હેલોફ્યુઝીનોન, મેનોક્ટોન, બુપાર્વાકોન જેવી દવાઓ ઉપયોગી નીવડી શકે છે.

**પરોપજીવી જન્ય રોગોને અટકાવવાં માટેના પગલાં :**

- ચોમાસાની ઋતુમાં પશુઓને બહારનું ઘાસ ચરવા દેવું જોઈએ નહિ અને આવું ઘાસ કાપી બરાબર સૂર્યતાપમાં સૂકવી ખવડાવી શકાય છે.
- નીલગીરીના પાન અને શીંગોડા શંખનો નાશ કરતા હોઈ તેમના ઝાડ તળાવ/નદી કિનારે ઉગાડવા જોઈએ.
- રોગ થયેલ વાછરડા અને પાડાને અલગ રાખવા અને તેમની યોગ્ય સારવાર કરાવવી.
- યકૃતકૃમિ, દ્વિમુખી કૃમિ, લોહીના પાન આકારના કૃમિ મધ્યસ્થ પોષક શંખલા (સ્નેઈલ) દ્વારા ફેલાય છે. જેથી શંખલામાં આ કૃમિની અપરિપક્વ અવસ્થાઓનો વિકાસ રોકવો ઘટે. આ માટે શંખલાનાશક કોપર સલ્ફેટ, એન–ટ્રાય–ટાઈલોમોરફોલિન વાપરી શકાય.